| permanent disability of the Borrower;<br>f. Borrower utilizes the Loan Amount for any illegal purpose or for any purposes which is prejudicial to the interest of the public;<br>g. Occurrence of any events, conditions or circumstances (including any change in law) which in the sole and absolute opinion of Lender could have a Material Adverse Effect, including limitation of any proceedings or action for bankruptcy/liquidation/ insolvency of the Borrower.<br><br>8.2 The decision of the Lender as to whether or not an Event of Default has occurred shall be final and binding upon the Borrower.<br><br>**9. CONSEQUENCES OF DEFAULT**<br><br>9.1 Upon occurrence of any of the Events of Default and at any time thereafter, Lender shall have the right, but not the obligation to declare all sums outstanding in respect of the Loan/ Revolving Credit Line Facility, whether due or not, immediately repayable and upon the Borrower failing | પાગલપણું અથવા અન્ય કોઈ કાયમી અપંગતા;<br>f. ધીરાણની રકમનો ઉપયોગ કોઈપણ ધીરાણ લેનાર ગેરકાયદેસર હેતુ માટે અથવા જાહેર હિતને નુકસાન પહોંચાડતા કોઈપણ હેતુ માટે કરે;<br>g. કોઈપણ ઘટના, પરિસ્થિતિઓ અથવા સંજોગો (કાયદામાં કોઈપણ ફેરફાર સહિત) ની ઘટના જે ધીરાણ આપનારના એકમાત્ર અને સંપૂર્ણ અભિપ્રાયથી ભૌતિક પ્રતિકૂળ અસર કરી શકતી હોય, જેમાં ધીરાણ લેનારની નાદારી/ફડચો/ઇન્સોલ્વન્સી માટેની કોઈપણ કાર્યવાહી અથવા કાર્યવાહીની મર્યાદાનો સમાવેશ થાય છે.<br><br>8.2 ડિફોલ્ટની ઘટના બની છે કે નહિ તે અંગે ધીરાણ આપનારનો નિર્ણય અંતિમ રહેશે અને ધીરાણ લેનારને બંધનકર્તા રહેશે.<br><br>**9. ડિફોલ્ટના પરિણામો**<br><br>9.1 કોઈપણ ડિફોલ્ટની ઘટના બને અને તે પછી કોઈપણ સમયે, ધીરાણ/રિવોલ્વિંગ ક્રેડિટ લાઇન સુવિધાના સંદર્ભમાં બાકી રહેલી બધી રકમ, પછી ભલે તે ચૂકવવાપાત્ર હોય કે ન હોય, તાત્કાલિક ચૂકવવાપાત્ર જાહેર કરવાનો અધિકાર ધીરાણ આપનાર પાસે રહેશે, પરંતુ |

| | |
|---|---|
| to make the said payments within thereof, Lender may at its sole discretion exercise any other right or remedy which may be available to Lender under any applicable law, including seeking any injunctive relief or attachment against the Borrower or their assets. The Lender can also enforce any other remedy which may be available under law during the pendency of the Loan. Notwithstanding the aforesaid, in the event of the Borrower failing to make the payment of the Outstanding Dues within 90 (ninety) days from the Due Date, Lender shall, inter alia, have the right to classify the same as a non-performing asset (NPA) and report it accordingly to the credit bureaus. | તેની જવાબદારી નહિ અને જો ધીરાણ લેનાર આ અંતર્ગત ઉપરોક્ત ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો ધીરાણ આપનાર પોતાની એકમાત્ર વિવેકબુદ્ધિથી કોઈપણ લાગુ કાયદા હેઠળ પોતાને ઉપલબ્ધ કોઈપણ અન્ય અધિકાર અથવા ઉપાયનો ઉપયોગ કરી શકે છે, જેમાં ધીરાણ લેનાર અથવા તેમની સંપત્તિઓ સામે કોઈપણ મનાઈ હુકમ અથવા જપ્તી મેળવવાનો સમાવેશ થાય છે. ધીરાણની અચોક્કસતા દરમિયાન કાયદા હેઠળ ઉપલબ્ધ કોઈપણ અન્ય ઉપાય પણ ધીરાણ આપનાર લાગુ કરી શકે છે. ઉપરોક્ત હોવા છતાં, જો ધીરાણ લેનાર નિયત તારીખથી 90 (નેવું) દિવસની અંદર બાકી લેણાંની ચૂકવણી કરવામાં નિષ્ફળ રહે તો અન્ય બાબતોની સાથે, તેનું નોન-પર્ફોર્મિંગ એસેટ (NPA) તરીકે વર્ગીકરણ કરવાનો અને તે મુજબ ક્રેડિટ બ્યુરોને જાણ કરવાનો અધિકાર ધીરાણ આપનાર પાસે હશે. |
| 9.2 The Borrower shall also be liable for payment of all legal and other costs and expenses resulting from the foregoing defaults or the exercise of Lender remedies. | 9.2 ઉપરોક્ત ડિફોલ્ટ્સ અથવા ધીરાણ આપનાર ઉપાયોના ઉપયોગથી થતા તમામ કાનૂની અને અન્ય ખર્ચાઓની ચૂકવણી માટે પણ ધીરાણ લેનાર જવાબદાર રહેશે. |
| 9.3 Notwithstanding any other rights available to the Lender under this Agreement, the Lender shall be entitled to initiate | 9.3 જો ધીરાણ આપનાર પાસે તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી એવું માનવાનું પૂરતું કારણ હોય કે ધીરાણ આપનારએ કોઈ ખોટી રજૂઆત કરી છે |

| | |
|---|---|
| criminal proceeding or any other appropriate actions against the Borrower if at any time the Lender at its sole discretion has sufficient grounds to believe that the Borrower has made any misrepresentations and/or submitted any forged documents or fabricated data to the Lender. | અને/અથવા કોઈપણ બનાવટી દસ્તાવેજો અથવા બનાવટી ડેટા ધીરાણ આપનારને સુપરત કર્યો છે તો આ કરાર હેઠળ ધીરાણ આપનારને ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકારો હોવા છતાં, ધીરાણ આપનાર કોઈપણ સમયે ધીરાણ લેનાર સામે ફોજદારી કાર્યવાહી અથવા અન્ય કોઈપણ યોગ્ય કાર્યવાહી શરૂ કરવા માટે ધીરાણ આપનારને અધિકાર હશે. |
| **10. DISCLOSURES** | **10. ખુલાસાઓ** |
| 10.1 The Borrower acknowledges and authorizes the Lender to disclose all information and data relating to Borrower, the Loan/Revolving Credit Line Facility, default if any, committed by Borrower to such third parties/agencies as Lender may deem appropriate and necessary to disclose and/or as authorized by RBI, including but not limited to Credit Information Bureaus The Borrower also acknowledges and authorizes such information to be used, processed by Lender / third parties/ Credit Information Bureaus/RBI as they may | 10.1 ધીરાણ લેનાર સ્વીકાર કરે છે અને ધીરાણ/રિવોલ્વિંગ ક્રેડિટ લાઇન સુવિધા, ડિફોલ્ટ, જો કોઈ હોય તો, સંબંધિત બધી માહિતી અને ડેટા, ધીરાણ લેનારે આવા તૃતીય પક્ષો/એજન્સીઓને, જેમાં ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરોનો સમાવેશ થાય છે પરંતુ તે મર્યાદિત નથી, આપવા માટે ધીરાણ આપનારને અધિકાર આપે છે જે ધીરાણ આપનાર યોગ્ય અને જરૂરી માને છે અને/અથવા જેના માટે RBI એ આવો અધિકાર આપ્યો છે. ધીરાણ લેનાર પણ સ્વીકારે છે અને આવી માહિતીનો ઉપયોગ, ધીરાણ આપનાર/તૃતીય પક્ષો/ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરો/RBI પ્રક્રિયા કરવા માટે લાગુ કાયદાઓ અનુસાર કરી શકે તે માટે ધીરાણ આપનારને અધિકાર |

| | |
|---|---|
| deem fit and in accordance with applicable laws. Further in Event of Default, Lender and such agencies shall have an unqualified right to disclose or publish the name of the Borrower /or its directors/ partners/co-applicants, as applicable, as 'defaulters' in such manner and through such medium as Lender / Credit Information Bureaus / RBI/ other authorized agency in their absolute discretion may think fit, including in newspapers, magazines and social media. | આપે છે. વધુમાં, ડિફોલ્ટના કિસ્સામાં, ધીરાણ લેનાર/અથવા તેના ડિરેક્ટરો/ભાગીદારો/સહ-અરજદારોના નામ, લાગુ પડતું હોય તે પ્રમાણે, 'ડિફોલ્ટર્સ' તરીકે જાહેર કરવાનો અથવા ધીરાણ આપનાર ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરો/RBI/અન્ય અધિકૃત એજન્સીને આ માહિતી જાહેર કરી શકશે અને પોતાની એકમાત્ર વિવેકબુદ્ધિથી યોગ્ય લાગે તેવા માધ્યમો, જેમાં અખબારો, સામયિકો અને સોશિયલ મીડિયાનો સમાવેશ થાય છે, તેમાં તેનું પ્રકાશન કરવાનો અબાધિત અધિકાર ધીરાણ આપનાર પાસે રહેશે. |
| 10.2 The Borrower shall not hold Lender responsible for sharing and/or disclosing the information now or in future and also for any consequences suffered by the Borrower and/or other by reason thereof. The provisions of this clause shall survive termination of the Agreement and the repayment of the Outstanding Dues. | 10.2 હાલમાં અથવા ભવિષ્યમાં માહિતીની આપ-લે કરવા અને/અથવા જાહેર કરવા માટે અને ધીરાણ લેનારે ભોગવેલા કોઈપણ પરિણામો અને/અથવા અન્ય કારણોસર ધીરાણ લેનાર ધીરાણ આપનારને જવાબદાર નહિ ઠેરવે. આ કલમની જોગવાઈઓ કરારની સમાપ્ત થયે અને બાકી લેણાંની ચૂકવણી પછી પણ ચાલુ રહેશે. |
| 10.3 The Lender shall notify the Borrower of any change in the terms and conditions including the disbursement schedule, interest rates, processing fee, repayment terms etc. through email or SMS. The changes in interest rate | 10.3 ધીરાણના વિતરણનું સમયપત્રક, વ્યાજ દરો, પ્રોસેસિંગ ફી, ચૂકવણીની શરતો ઇત્યાદિ સહિત નિયમો અને શરતોમાં કોઈપણ ફેરફારની જાણ ધીરાણ આપનાર ધીરાણ લેનારને ઇ-મેઇલ અથવા SMS દ્વારા કરશે. વ્યાજ દર અને અન્ય |

| | |
|---|---|
| and other charges shall come into effect prospectively. The Borrower shall keep himself/herself abreast with all such notifications and hereby irrevocably agree and confirm that he/she would be bound by such changes, without any dispute. | શુલ્કમાં ફેરફાર ભવિષ્યમાં અમલમાં આવશે. ધીરાણ લેનાર આવી તમામ સૂચનાઓથી પોતાને વાકેફ રાખશે અને અફર રીતે સંમત થશે અને સમર્થન આપશે કે તે/તેણી કોઈપણ વિવાદ વગર આવા ફેરફારોથી બંધાયેલા રહેશે. |
| **11. RECOVERY AGENTS** | **11. વસૂલાત એજન્ટો** |
| The Borrower hereby agree that the Lender is entitled to appoint recovery agents for the purpose of recovering Outstanding Dues and that the Borrower hereby confirms to support the Lender and its recovery agents to collect the Outstanding Dues as per the Agreement. The Borrower expressly authorizes/consent to Lender its various service providers for collections and recovery to contact the Borrower telephonically even if the name of the Borrower appears in the Do Not Call Register to inform the Borrower about, dues under the Loan granted under this Agreement. The details of the recovery agent are provided in the KFS attached in Schedule I. | ધીરાણ લેનાર આથી સંમત થાય છે કે ધીરાણ આપનારને બાકી લેણાંની વસૂલાતના હેતુ માટે વસૂલાત એજન્ટોની નિમણૂક કરવાનો અધિકાર છે અને ધીરાણ લેનાર કરાર મુજબ બાકી લેણાં વસૂલવા માટે ધીરાણ આપનાર અને તેના વસૂલાત એજન્ટોને મદદ કરવાનું સમર્થન આપે છે. ધીરાણ લેનાર સ્પષ્ટપણે ધીરાણ આપનારને સંમતિ આપે છે કે પૈસા વસૂલ કરવા માટે વિવિધ સેવા આપનારાઓ આ કરાર હેઠળ આપવામાં આવેલી ધીરાણ હેઠળ બાકી રહેલી રકમ વિશે ધીરાણ લેનારને જાણ કરવા માટે ધીરાણ લેનારનો ટેલિફોન દ્વારા સંપર્ક કરી શકશે, પછી ભલે ધીરાણ લેનારનું નામ "ડુ નોટ કોલ" રજિસ્ટરમાં દેખાતું હોય. વસૂલાત એજન્ટની વિગતો અનુસૂચિ I માં જોડાયેલ KFS માં આપવામાં આવે છે. |
| **12. INDEMNITY** | **12. ક્ષતિપૂર્તિ** |
| The Borrower shall indemnify and keep the Lender and its directors, officers, employees, agents, attorneys or any other | (i) ધીરાણ દસ્તાવેજો દ્વારા ધ્યાનમાં લેવામાં આવેલા વહેવારોના સંબંધમાં કોઈપણ અન્ય પક્ષ દ્વારા રજૂ કરાયેલી બધી જવાબદારીઓ, માંગણીઓ, |

person affiliated with or representing the Lender harmless against (i) all obligations, demands, claims and liabilities asserted by any other party in connection with the transactions contemplated by the Loan documents; (ii) all costs, losses, and/ or damages due to any act or default on the part of the Borrower in respect of the Loan and/or for the recovery of the Outstanding Dues on account of failure of the Borrower of any of the terms and conditions mentioned herein and/or for any action undertaken by the Lender in good faith based on the representations of the Borrower.

દાવાઓ અને નાણાકીય જવાબદારીઓ; (ii) ધીરાણના સંદર્ભમાં ધીરાણ લેનારના કોઈપણ કૃત્ય અથવા ડિફોલ્ટને કારણે અને/અથવા અહીં લખેલા કોઈપણ નિયમો અને શરતોનું પાલન ન કરવાને કારણે બાકી લેણાંની વસૂલાત માટે અને/અથવા ધીરાણ આપનારે સારા વિશ્વાસથી કરેલી કોઈપણ કાર્યવાહી માટે ધીરાણ લેનાર, ધીરાણ આપનારને અને તેના ડિરેક્ટરોને, અધિકારીઓને, કર્મચારીઓને, એજન્ટોને, વકીલોને અથવા ધીરાણ લેનાર સાથે સંકળાયેલા અથવા તેનું પ્રતિનિધિત્વ કરતા કોઈપણ અન્ય વ્યક્તિને નુકસાન ભરપાઈ કરશે અને સુરક્ષિત રાખશે.

**13. TAXES**

The Borrower shall solely pay all such present and future taxes, stamp duties, and other costs as may be applicable on the Loan.

**13. કર**

ધીરાણ સંબંધિત તમામ પ્રવર્તમાન અને ભવિષ્યના કર, સ્ટેમ્પ ડ્યુટી અને અન્ય ખર્ચ ધીરાણ લેનાર જ ચૂકવશે.

**14. MISCELLANEOUS**

14.1 The entries made in records of Lender shall be conclusive evidence of existence and of the amount Outstanding Dues and any statement of dues furnished by Lender shall be accepted by and be binding on the Borrower;

14.2 The Borrower hereby states that the Borrower has read and understood this Agreement and the Loan Documents and have

**14. પરચુરણ**

14.1 ધીરાણ આપનારના રેકોર્ડમાં કરવામાં આવેલી એન્ટ્રીઓ અસ્તિત્વ અને બાકી લેણાંની રકમનો નિર્ણાયક પુરાવો હશે અને ધીરાણ આપનારે રજૂ કરેલ કોઈપણ બાકી લેણાંનું નિવેદન ધીરાણ લેનાર સ્વીકારશે અને તે તેના માટે બંધનકર્તા રહેશે;

14.2 ધીરાણ લેનાર આથી જણાવે છે કે ધીરાણ લેનારે આ કરાર અને ધીરાણ દસ્તાવેજો વાંચ્યા અને સમજ્યા છે અને તેમની સ્વતંત્ર મરજીથી ઉપરોક્ત

| | |
|---|---|
| signed the said Loan Documents at his/ her free will;<br>14.3 The Borrower hereby consents to the Lender or its Authorized Agents and third party service providers to use information/data provided by the Borrower to contact him through any channel of communication including but not limited to email, telephone, sms, etc. and further authorize the disclosure of the information contained herein to its affiliates/group companies or their Authorized Agents or Third Party Service Providers in order to provide information and updates to the Borrower on various financial and investment products and offering.<br>14.4 Borrower's liability for repayment of the Outstanding Dues shall, in case where more than one Borrower have jointly applied for any Loan/ Facility, be joint and several;<br>14.5 Borrower shall execute all documents and amendments and shall co-operate with Lender as required by Lender (i) to comply with any RBI guidelines / directives or (ii) for giving Lender full benefit of rights under the Loan Documents. Without prejudice to the aforesaid | ધીરાણ દસ્તાવેજો ઉપર સહી કરી છે;<br>14.3 ધીરાણ લેનાર આથી ધીરાણ આપનાર અથવા તેના અધિકૃત એજન્ટો અને તૃતીય પક્ષ સેવા આપનારાઓને સંમતિ આપે છે કે તેઓ ઇ-મૅઇલ, ટેલિફોન, SMS ઇત્યાદિને સમાવેશ કરીને કોઈપણ સંદેશાવ્યવહાર માધ્યમ દ્વારા તેમનો સંપર્ક કરવા માટે ધીરાણ લેનારે આપેલી માહિતી/ડેટાનો ઉપયોગ કરી શકશે અને વધુમાં, વિવિધ નાણાકીય અને રોકાણ ઉત્પાદનો અને ઓફરિંગ વિષે ધીરાણ લેનારને માહિતી અને અપડેટ્સ આપવા માટે તેના આનુષંગિકો/જૂથ કમ્પનીઓ અથવા તેમના અધિકૃત એજન્ટો અથવા તૃતીય પક્ષ સેવા આપનારાઓને અહીં લખેલી માહિતી જાહેર કરવા માટે અધિકાર આપે છે.<br>14.4 બાકી લેણાંની પરત-ચૂકવણી માટે ધીરાણ લેનારની જવાબદારી, જો એક કરતાં વધુ ધીરાણ લેનારા કોઈપણ ધીરાણ/સુવિધા માટે સંયુક્ત રીતે અરજી કરી હોય તો સંયુક્ત અને વ્યક્તિગત હશે;<br>14.5 ધીરાણ લેનાર તમામ દસ્તાવેજો અને સુધારા-વધારા અમલમાં મૂકશે અને ધીરાણ આપનારની જરૂર મુજબ (i) કોઈપણ RBI માર્ગદર્શિકા/નિર્દેશોનું પાલન કરવા માટે અથવા (ii) ધીરાણ આપનારને ધીરાણ દસ્તાવેજો હેઠળ અધિકારોનો સંપૂર્ણ લાભ આપવા માટે ધીરાણ આપનારને સહકાર આપશે. ઉપરોક્ત બાબતો માટે |

| | |
|---|---|
| the Borrower hereby irrevocably consents that on its failure to do so, such changes shall be deemed to be incorporated in the Loan Documents and shall be binding on the Borrower. | પૂર્વગ્રહ રાખ્યા વગર, ધીરાણ લેનાર અહીં અફર સંમતિ આપે છે કે જો તે આમ કરવામાં નિષ્ફળ જશે તો આવા ફેરફારો ધીરાણ દસ્તાવેજોમાં સમાયેલાં મનાશે અને ધીરાણ લેનાર માટે બંધનકર્તા રહેશે. |
| 14.6 Notwithstanding any suspension or termination of any Facility, all right and remedies of Lender as per Loan Documents shall continue to survive until the receipt by Lender of the Outstanding Dues in full. | 14.6 કોઈપણ સુવિધાના સસ્પેન્શન અથવા સમાપ્તિ છતાં, ધીરાણ દસ્તાવેજો મુજબ ધીરાણ આપનારના તમામ અધિકારો અને ઉપાયો ધીરાણ આપનારને તમામ બાકી લેણાં પાછા મળે ત્યાં સુધી ચાલુ રહેશે. |
| 14.7 The Parties hereto confirm and acknowledge that this Agreement, and the Annexure(s) herein, constitute the entire agreement between them and shall supersede and override all previous communications, either oral or written, between the parties with respect to the subject matter of this Agreement, and no agreement or understanding varying or extending the same shall be binding upon any Party hereto unless arising out of the specific- provisions of this Agreement; | 14.7 પક્ષો અહીં સમર્થન આપે છે અને સ્વીકાર કરે છે કે આ કરાર, અને અહીં આપેલા પરિશિષ્ટ(ષ્ટો) તેમની વચ્ચે થયેલા સમગ્ર કરારની રચના કરે છે અને આ કરારના વિષયવસ્તુના સંદર્ભમાં પક્ષો વચ્ચે થયેલા મૌખિક અથવા લેખિત, અગાઉના તમામ સંદેશાવ્યવહાર રદ કરશે અને બિનઅસરકારક બનાવશે, અને તેમાં ફેરફાર અથવા વિસ્તરણ કરતો કોઈપણ કરાર અથવા સમજૂતી કોઈપણ પક્ષ માટે બંધનકર્તા નહિ રહે, સિવાય કે આ કરારની ચોક્કસ જોગવાઇઓમાંથી તે ઉદ્ભવે; |
| 14.8 The Borrower acknowledges that the Interest Rate, Penal Charges and other charges payable and or agreed to be paid by the Borrower under Loan Documents are reasonable and acceptable to him/ her. | 14.8 ધીરાણ લેનાર સ્વીકાર કરે છે કે ધીરાણ દસ્તાવેજો હેઠળ ધીરાણ લેનારે ચૂકવવાપાત્ર અને અથવા ચૂકવવા માટે સંમત થયેલા વ્યાજ દર, દંડ શુલ્ક અને અન્ય શુલ્ક વાજબી અને તેમના માટે સ્વીકાર્ય છે. |
| | 14.9 ધીરાણ લેનાર સ્પષ્ટપણે સ્વીકાર કરે છે અને સ્વીકારે છે કે ધીરાણ આપનાર આવી |

| | |
|---|---|
| 14.9 The Borrower expressly recognizes and accepts that Lender shall, without prejudice to its rights to perform such activities itself or through its office employees, be entitled and has full power and authority so to appoint one or more third parties (hereinafter referred to as "Lending Service Providers") as Lender may select and to delegate to such party all or any of its functions, rights and power under Loan Documents relating to the sourcing, identity and verification of information pertaining to the Borrower administration, monitoring of the Loan/ Facility and to perform and execute all lawful acts, deeds, matters and things connected therewith and incidental thereto including sending notices, contacting Borrower, receiving Cash / Cheques/ Drafts / Mandates from the Borrower in favor of Lender; | પ્રવૃત્તિઓ પોતે અથવા તેના ઓફિસ કર્મચારીઓ દ્વારા કરવાના તેના અધિકારોને પૂર્વગ્રહ રાખ્યા વગર, એક અથવા વધુ તૃતીય પક્ષો (હવે પછી "ધીરાણ સેવા આપનારાઓ" તરીકે સંબોધાયા છે) ની નિમણૂક કરવાનો ધીરાણ આપનારને અધિકાર છે અને સંપૂર્ણ સત્તા ધરાવશે, જે ધીરાણ આપનાર પસંદ કરશે અને ધીરાણ લેનારના ધંધાના વહીવટનું, ધીરાણ/સુવિધાનું નિરીક્ષણ અને તેની સાથે જોડાયેલા અને આકસ્મિક તમામ કાયદેસર કાર્યો, પ્રવૃત્તિઓ સંબંધિત બાબતો અને વસ્તુઓ જોવા અને અમલમાં મૂકવા માટે ધીરાણ દસ્તાવેજો હેઠળ સંબંધિત તમામ અથવા કોઇપણ કાર્યો, અધિકારો અને શક્તિની ફાળવણી કરી શકે છે, જેમાં નોટિસ મોકલવા, ધીરાણ લેનારનો સંપર્ક કરવા, ધીરાણ લેનાર પાસેથી ધીરાણ આપનારના પક્ષમાં રોકડ/ચેક/ડ્રાફ્ટ/આદેશ પ્રાપ્ત કરવા સહિતનો સમાવેશ થાય છે; |
| 14.10 The Borrower acknowledges that the loan transaction hereunder gives rise to a relationship of debtor and creditor as between him / her and Lender and not in respect of any service rendered/to be rendered by Lender. Accordingly, the provisions of the Consumer Protection Act, 1986 shall | 14.10 ધીરાણ લેનાર સ્વીકાર કરે છે કે આ ધીરાણનો વહેવાર તેના/તેણી અને ધીરાણ આપનાર વચ્ચે ધીરાણ આપનાર અને ધીરાણ લેનારના સંબંધને જન્મ આપે છે અને ધીરાણ આપનાર દ્વારા આપવામાં આવતી/પ્રદાન કરવામાં આવનારી કોઇપણ સેવાનો સંદર્ભ નથી. તદનુસાર, ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986 ની જોગવાઇઓ અહીં આપેલા |

| | |
|---|---|
| not apply to the transaction hereunder.<br>14.11 The Borrower hereby authorizes Lender to verify all information and documents including, income proof documents, residence documents, address proof documents, identity documents and other such documents containing personal and financial information as are submitted by them for obtaining any Loan/ Facility and that they also consent to subsequent retention of the same by Lender.<br>14.12 The Borrower acknowledges and authorizes Lender to procure Borrower's PAN No./copy of Pan Card, other identity proof and Bank Account details, from time to time and to also generate / obtain Credit Reports from Credit Information Bureaus and such other reports as and when Lender may deem fit. The Borrower also hereby gives consent and authorizes Lender to undertake its KYC verification by Aadhar e-KYC or otherwise and undertake all such actions as may be required on its behalf or otherwise to duly complete the process of such verification including by way of Aadhar e-KYC and share such information with any | વહેવારને લાગુ નહિ પડે.<br>14.11 કોઈપણ ધીરાણ/સુવિધા મેળવવા માટે ધીરાણ આપનારને આપેલી તમામ માહિતી અને દસ્તાવેજો, જેમાં આવકના પુરાવા દસ્તાવેજો, રહેઠાણના દસ્તાવેજો, સરનામાના પુરાવા દસ્તાવેજો, ઓળખ દસ્તાવેજો અને વ્યક્તિગત અને નાણાકીય માહિતી ધરાવતા અન્ય દસ્તાવેજોનો સમાવેશ થાય છે, તેની ચકાસણી કરવા માટે ધીરાણ લેનાર ધીરાણ આપનારને અધિકાર આપે છે અને ધીરાણ આપનાર પછીથી આ જાળવી રાખી શકે તે માટે પણ સંમતિ આપે છે.<br>14.12 ધીરાણ લેનાર સ્વીકાર કરે છે અને ધીરાણ આપનારને સમયાંતરે ધીરાણ લેનારનો PAN નંબર/ PAN કાર્ડની નકલ, અન્ય ઓળખનો પુરાવો અને બૅન્ક ખાતાની વિગતો મેળવવા અને ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરોમાંથી ક્રેડિટ રિપોર્ટ્સ અને જ્યારે અને જ્યારે ધીરાણ આપનાર યોગ્ય માને ત્યારે આવા અન્ય રિપોર્ટ્સ બનાવી શકે/મેળવી શકે તે માટે ધીરાણ આપનારને અધિકાર આપે છે. ધીરાણ લેનાર આથી સંમતિ આપે છે અને ધીરાણ આપનારને આધાર e-KYC અથવા અન્યથા દ્વારા KYC ને ખરાઈ કરવા અને તેના વતી અથવા અન્યથા જરૂરી હોય તેવી તમામ કાર્યવાહી કરવા માટે અધિકાર આપે છે, જેમાં આધાર e-KYC સહિત આવી ખરાઈની પ્રક્રિયા યોગ્ય રીતે પૂરી કરવી અને આવી |

| | |
|---|---|
| authority and store such information in a manner it deems fit. | માહિતીની યોગ્ય લાગે તે રીતે કોઈપણ સત્તાવાળાઓ સાથે આપ-લે કરવાનો અને સંગ્રહ કરવાનો સમાવેશ થાય છે. |
| 14.13 The Borrower acknowledges that the Lender may conduct a regular credit quality assessment of the Borrower every two (2) years to evaluate his/her financial performance and repayment capacity. The Lender shall also have the right to review the Borrower's credit behavior with other financial institutions or lenders at any time. Based on this assessment, the Lender reserves the right to reduce the sanctioned loan limit or terminate the loan facility if the Borrower's financial condition is found to be unsatisfactory. | 14.13 ઋણગ્રાહક સ્વીકાર કરે છે કે દેનાર દર બે (2) વર્ષે ઋણગ્રાહકના નાણાકીય પ્રદર્શન અને ચૂકવણી ક્ષમતા દ્વારા તેના ક્રેડિટ ગુણવત્તાનું મૂલ્યાંકન કરી શકે છે. દેનારને એ પણ હક રહેશે કે તે કોઇપણ સમયે ઋણગ્રાહકની અન્ય નાણાકીય સંસ્થાઓ અથવા દેનારાઓ સાથેની ક્રેડિટ વર્તનની સમીક્ષા કરે. આ મૂલ્યાંકનના આધારે, જો ઋણગ્રાહકની નાણાકીય સ્થિતિ અસંતોષકારક જણાય, તો દેનાર સંમતિ આપેલી ઋણ મર્યાદા ઘટાડવાનો કે ઋણસુવિધા સમાપ્ત કરવાનો અધિકાર રાખે છે. |
| 14.14 In the event of any disagreement or dispute between Lender and the Borrower regarding the materiality of any matter including of any event occurrence, circumstance, change, fact information, document, authorization, proceeding, act, omission, claims, breach, default or otherwise, the opinion of Lender as to the materiality of any of the foregoing shall be final and binding on the Borrower. | 14.14 કોઈપણ ઘટના, સંજોગો, ફેરફાર, હકીકત માહિતી, દસ્તાવેજ, અધિકૃતતા, કાર્યવાહી, કૃત્ય, ભૂલ, દાવા, ભંગ, ડિફોલ્ટ અથવા અન્યથા સહિત કોઈપણ બાબતની વાસ્તવિકતા અંગે ધીરાણ આપનાર અને ધીરાણ લેનાર વચ્ચે કોઈપણ મતભેદ અથવા વિવાદની સ્થિતિમાં, ઉપરોક્ત કોઈપણ બાબતની વાસ્તવિકતા અંગે ધીરાણ આપનારનો અભિપ્રાય અંતિમ અને ધીરાણ લેનારને બંધનકર્તા રહેશે. |
| 14.15 The Borrower and Lender may mutually agree on grant of a fresh Loan on | 14.15 કરારના નિયમો અને શરતો હેઠળ અને ધીરાણ આપનારને જરૂર હોય તેવા વધુ પત્ર/સહીના અમલ દ્વારા, ધીરાણ લેનાર અને ધીરાણ આપનાર નવું ધીરાણ મંજૂર કરવા માટે પરસ્પર રીતે સંમત |

the terms and conditions of the Agreement and by execution of such further letter/undertaking by the Borrower as may be required by Lender.

**15. ELECTRONIC FORM – COMMUNICATION IN ELECTRONIC FORM**

15.1 Borrower acknowledges and agrees that any request, notice, correspondence or any other writing whatsoever (“Writing”) required or contemplated under this Agreement may be executed and any delivery, offer, acceptance or any other action whatsoever (“Action”) in respect of this Agreement may be undertaken in electronic form by way of communication through Digital Lending Application (DLA) or any other electronic means of executing or authenticating transactions (“Electronic Form”) as may be enabled by Lender. For avoidance of doubt, it is clarified that communications in Electronic Form include any Writing or Action undertaken on any technology platform, Digital Lending Application (DLA) or website provided by the

થઈ શકે છે .

**15. ઇલેક્ટ્રોનિક સ્વરૂપ - ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં સંદેશાવ્યવહાર**

15.1 ધીરાણ લેનાર સ્વીકાર કરે છે અને સંમત થાય છે કે આ કરાર હેઠળ જરૂરી અથવા વિચારાયેલ કોઈપણ વિનંતી, સૂચના, પત્રવ્યવહાર અથવા કોઈપણ અન્ય લેખન ("લેખન") અમલમાં મૂકી શકાય છે અને આ કરારના સંદર્ભમાં કોઈપણ ડિલિવરી, ઓફર, સ્વીકાર અથવા કોઈપણ અન્ય કાર્યવાહી ("કાર્યવાહી") ડિજિટલ લેન્ડિંગ એપ્લિકેશન (DLA) અથવા ધીરાણ લેનાર સક્ષમ કરી શકે તેવા વહેવારોનો અમલ અથવા પ્રમાણિત કરવાની કોઈપણ અન્ય બાબત ઇલેક્ટ્રોનિક માધ્યમના ("ઇલેક્ટ્રોનિક ફોર્મ") સંદેશાવ્યવહાર દ્વારા ઇલેક્ટ્રોનિક સ્વરૂપે હાથ ધરવામાં આવી શકે છે. શંકા ટાળવા માટે, એ સ્પષ્ટ કરાઈ રહ્યું છે કે ઇલેક્ટ્રોનિક સ્વરૂપના સંદેશાવ્યવહારમાં કોઈપણ ટેકનોલોજી પ્લેટફોર્મ, ડિજિટલ લેન્ડિંગ એપ્લિકેશન (DLA) અથવા ધીરાણ આપનારે આપેલી વેબસાઇટમાં કરવામાં આવેલ કોઈપણ લખાણ અથવા કાર્યવાહીનો સમાવેશ થાય છે.

15.2 ધીરાણ લેનાર આથી વધુમાં સમર્થન આપે છે કે ધીરાણ લેનારે ઇલેક્ટ્રોનિક સ્વરૂપે કરેલા અથવા હાથ ધરેલા કોઈપણ લખાણ અથવા કાર્યવાહી માન્ય, બંધનકર્તા

Lender.

15.2 Borrower hereby further confirms that any Writing or Action made or undertaken by Borrower in Electronic Form shall be valid, binding and legally enforceable against them and it shall not raise any objection or claim or disclaim any liability under or in relation to the validity or enforceability of a Writing or Action solely on account of it being in Electronic Form.

15.3 The Borrower has entered into this Agreement and has electronically or otherwise signed this Agreement out of the Borrower's own free consent and no undue influence or coercion has been exercised upon the Borrower to do so.

15.4 In case the Borrower intends to receive any Loan Document in a language other than English, they shall inform the Lender by writing at chat@vivamoney.in.

**16. SEVERABILITY**

The Borrower acknowledges that each of his /her obligations under these Loan Documents is independent and severable from the rest.

**17. GRIEVANCE REDRESSAL MECHANISM**

અને કાયદેસર રીતે લાગુ પાડી શકાય તેવા રહેશે અને તે માત્ર ઇલેક્ટ્રોનિક સ્વરૂપે હોવાને કારણે લખાણ અથવા કાર્યવાહીની માન્યતા અથવા અમલીકરણ હેઠળ અથવા તેના સંબંધમાં કોઈપણ વાંધો નહિ ઉઠાવે, દાવો નહિ કરે અથવા કોઈપણ જવાબદારીનો અસ્વીકાર નહિ કરે.

15.3 ધીરાણ લેનારે આ કરારમાં પ્રવેશ કર્યો છે અને ધીરાણ લેનારની પોતાની સ્વતંત્ર સંમતિથી ઇલેક્ટ્રોનિક અથવા અન્યથા આ કરારમાં સહી કરી છે અને આમ કરવા માટે ધીરાણ લેનાર ઉપર કોઇ અનુચિત પ્રભાવ અથવા બળજબરીનો ઉપયોગ નથી કરાયો.

15.4 જો ધીરાણ લેનાર અંગ્રેજી સિવાયની ભાષામાં ધીરાણ દસ્તાવેજ મેળવવા માંગતા હોય તો તેમણે chat@vivamoney.in ઉપર લખીને ધીરાણ આપનારને જાણ કરવી પડશે.

**16. વિભાજનક્ષમતા**

ધીરાણ લેનાર સ્વીકાર કરે છે કે આ ધીરાણ દસ્તાવેજો હેઠળ તેમની દરેક જવાબદારી સ્વતંત્ર છે અને બાકીનો કરાર અમલમાં રહેશે.

**17. ફરિયાદ નિવારણ પદ્ધતિ**

17.1 **ફરિયાદ રજૂઆત:**
આ ધીરાણ કરારમાંથી અથવા તેના સંબંધમાં કોઈપણ તકરારો અથવા

| | |
|---|---|
| **17.1 Grievance Submission:**<br>In the event of any grievances or complaints arising out of or in connection with this Loan Agreement, the Borrower may submit a written complaint to the Nodal Grievance Redressal Officer (**GRO**). The complaint may be submitted via email, postal mail, or through the Lender's designated online portal.<br><br>**17.2 Resolution Process:**<br>The Lender shall investigate the grievance and endeavor to resolve it within 5 (five) business days from the date of complaint raised. The GRO may contact the Borrower for additional information or clarification, if required.<br><br>**17.3 Communication of Resolution:**<br>Upon resolution of the grievance, the Lender shall communicate the decision to the Borrower in writing.<br><br>**17.4 Escalation:**<br>If the Borrower is not satisfied with the resolution provided, they may escalate the matter to the Lender's Principal Nodal Officer details of which are provided on website of the Lender.<br><br>**17.5 Contact Details:**<br>The Borrower may contact the Grievance Redressal Officer at the following details:<br><br>Name: Mr. Ram Prasad Aryal | ફરિયાદો ઊભી થાય તો ધીરાણ લેનાર નોડલ ફરિયાદ નિવારણ અધિકારી (**GRO**) ને લખાણમાં ફરિયાદ આપી શકે છે. ફરિયાદ ઇ-મૅઇલ, ટપાલ અથવા ધીરાણ આપનારના નિયુક્ત ઓનલાઈન પોર્ટલ દ્વારા આપી શકાય છે.<br><br>**17.2 ઉકેલ પ્રક્રિયા:**<br>ધીરાણ આપનાર ફરિયાદની તપાસ કરશે અને ફરિયાદ નોંધાવ્યાની તારીખથી 5 (પાંચ) કાર્યકારી દિવસોમાં તેનું નિવારણ કરવાનો પ્રયાસ કરશે. જો જરૂરી હોય તો GRO વધારાની માહિતી અથવા સ્પષ્ટતા માટે ધીરાણ લેનારનો સંપર્ક કરી શકે છે.<br><br>**17.3 ઠરાવનો સંદેશ:**<br>ફરિયાદના નિવારણ પછી ધીરાણ આપનાર ધીરાણ લેનારને નિર્ણયની જાણ લખાણમાં કરશે.<br><br>**17.4 વધારો:**<br>જો ધીરાણ લેનારને અપાયેલા ઉકેલથી સંતોષ ન હોય તો તેઓ આ બાબત ધીરાણ આપનારના મુખ્ય નોડલ અધિકારીને મોકલી શકે છે જેની વિગતો ધીરાણ આપનારની વેબસાઇટમાં આપી છે.<br><br>**17.5 સંપર્ક વિગતો:**<br>લેનારા નીચેની વિગતો પર ફરિયાદ નિવારણ અધિકારીનો સંપર્ક કરી શકે છે:<br><br>નામ: શ્રી રામ પ્રસાદ આર્યલ<br>સરનામું: 7મો માળ, વાટિકા ત્રિકોણ, મહેરૌલી-ગુડગાંવ રોડ, બ્લોક બી, સુશાંત લોક ફેઝ I, ગુરુગ્રામ, હરિયાણા, |

Address: 7th Floor, Vatika Triangle, Mehrauli-Gurgaon Road, Block B, Sushant Lok Phase I, Gurugram, Haryana, 122002
Contact Number: +91-1244466513
Email address: VivaGRO@fincfriends.in

## 18. NOTICES

Any notice under this Agreement must be in writing and shall be deemed to be received (a) on delivery, when delivered personally, and when sent from/ to the registered email id unless 'delivery failure notification' is received by the sender; (b) on the 3rd (third) day post-dispatch, when sent by registered post at the registered/ current address, postage prepaid. For the Lender, registered email id shall be info@fincfriends.in and office address shall be 1/2, Lalitha Nilaya, 4th Cross, RMV-II Stage, Bhoopsandra, Bengaluru, Bangalore, Karnataka-560094 or Corporate Office at Vatika Triangle, 7th Floor, Mehrauli Gurgaon Road, Sushant Lok I, Block B, Gurugram, Haryana - 122002 and addressed to Collection Manager at given address.

## 19. ARBITRATION

In the unlikely event of any dispute or difference arising between the Parties hereto as to the rights and obligations under this Agreement or as to any claim, monetary or otherwise of one Party against the other or as to the interpretation and effect

122002
સંપર્ક નંબર: +91-1244466513
ઇમેઇલ સરનામું: VivaGRO@fincfriends.in

## 18. નોટિસ

આ કરાર હેઠળની કોઈપણ સૂચના લખાણમાં હોવી જોઇએ અને તે મળી ગઈ હોવાનું મનાશે (a) જ્યારે વ્યક્તિગત રીતે ડીલિવરી કરાતી હોય ત્યારે - ડીલિવરી વખતે, અને જ્યારે રજિસ્ટર્ડ ઇ-મૅઇલ ID ઉપરથી/ને મોકલાય ત્યારે, સિવાય કે મોકલનારને 'ડીલિવરી નિષ્ફળતાની સૂચના' મળી હોય; (b) રવાના કર્યા પછીના 3જા (ત્રીજા) દિવસે, જ્યારે રજિસ્ટર્ડ/વર્તમાન સરનામે રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલાય ત્યારે પોસ્ટેજ પ્રિપેઇડ. ધીરાણ આપનાર માટે, રજિસ્ટર્ડ ઇમેઇલ આઈડી info@fincfriends.in રહેશે અને ઓફિસનું સરનામું 1/2, લલિતા નિલયા, 4થો ક્રોસ, RMV-II સ્ટેજ, ભૂપસંદ્રા, બેંગલુરુ, બેંગલુરુ, કર્ણાટક-560094 અથવા કોર્પોરેટ ઓફિસ વાટિકા ટ્રાયેંગલ, 7મો માળ, મહેરૌલી ગુડગાંવ રોડ, સુશાંત લોક I, બ્લોક B, ગુરુગ્રામ, હરિયાણા- 122002 રહેશે અને આપેલ સરનામે કલેક્શન મેનેજરને સંબોધિત કરવામાં આવશે.

## 19. મધ્યસ્થી

અહીંના પક્ષકારો વચ્ચે અધિકારો વિષે ઊભા થતાં ન બનવાજોગ કોઈપણ મતભેદોની ઘટનામાં આ કરાર હેઠળની જવાબદારીઓ અથવા એક પક્ષના બીજા પક્ષ સામેના કોઈપણ દાવા, નાણાકીય અથવા અન્યથા, અથવા આ કરારના કોઈપણ નિયમો અને શરતોના અર્થઘટન અને અસર અંગે, આવા વિવાદ અથવા મતભેદનું સમાધાન પ્રથમ સ્તરે પરસ્પર સંમતિથી કરાશે.

of any terms and conditions of this Agreement such dispute or difference shall be settled amicably at first level. In the event such dispute or claim cannot be settled by the Parties within thirty (30) days after written notification by one Party of the existence of such dispute or claim, then such dispute shall be referred to Arbitration of a common Arbitrator if agreed upon, otherwise to two or more Arbitrators, one to be appointed by each of the Parties to this Agreement and such Arbitrator shall be governed by the provisions of Arbitration and Conciliation Act, 1996 as at present in force and as may be amended from time to time. The seat for such Arbitration shall be in India at Bengaluru. The language to be used in the arbitral proceedings shall be English. The award rendered by the arbitrators shall be final and binding upon both Parties and may be executed through any court of competent jurisdiction forthwith. Each Party shall bear its own expenses and attorneys' fees in connection with the arbitration.

**20. ASSIGNMENT**

The Borrower shall not be permitted to assign any of its rights and obligations under this Agreement. The Lender shall however be entitled and have the right to assign its rights and obligations under this Agreement. Notwithstanding

જો કોઈ એક પક્ષ આવા વિવાદ અથવા દાવાના અસ્તિત્વની સૂચના લખાણમાં આપ્યા પછી ત્રીસ (30) દિવસની અંદર પક્ષો દ્વારા આવા વિવાદ અથવા દાવાનું સમાધાન ન કરી શકે તો જો સંમતિ સધાય તો આવા વિવાદ એક સામાન્ય મધ્યસ્થી લવાદને મોકલાશે, અન્યથા બે અથવા તેથી વધુ મધ્યસ્થીઓને મોકલવામાં આવશે, જે પૈકી એક આ કરારના દરેક પક્ષ નિયુક્ત કરશે અને આવા મધ્યસ્થીનું સંચાલન પ્રવર્તમાન અને સમયાંતરે તેમાં સુધારો થઈ શકે છે તેવા લવાદ અને સમાધાન અધિનિયમ, 1996 ની જોગવાઈઓ દ્વારા થશે. આવી મધ્યસ્થી માટેની બેઠક ભારતમાં બેંગલુરુમાં રહેશે. મધ્યસ્થી કાર્યવાહીમાં ઉપયોગમાં લેવાતી ભાષા અંગ્રેજી હશે. મધ્યસ્થીઓએ આપેલો ચુકાદો અંતિમ અને બન્ને પક્ષોને બંધનકર્તા રહેશે અને સક્ષમ અધિકારક્ષેત્રની કોઈપણ અદાલત તેને તાત્કાલિક અમલમાં મૂકી શકશે. મધ્યસ્થી સંબંધી દરેક પક્ષ પોતાના ખર્ચ અને વકીલોની ફી ભોગવશે.

**20. સોંપણી**

આ કરાર હેઠળ ધીરાણ લેનારને તેના કોઈપણ અધિકારો અને જવાબદારીઓ લખી આપવાની પરવાનગી નહિ અપાય. જોકે, ધીરાણ આપનારને આ કરાર હેઠળ તેના અધિકારો અને જવાબદારીઓ લખી આપવાનો અધિકાર રહેશે અને તે એવો હક ધરાવશે. આ રીતે કરેલા કોઈપણ લખાણ અથવા ટ્રાન્સફર હોવા છતાં, જ્યાં સુધી ધીરાણ આપનાર અન્ય રીતે સૂચના ન આપે ત્યાં સુધી ધીરાણ લેનાર, ધીરાણ

| | |
|---|---|
| any such assignment or transfer, the Borrower shall, unless otherwise notified by the Lender, continue to make all payments under the Loan Documents to the Lender and all such payments when made to the Lender shall constitute a full discharge to the Borrower from all its liabilities in respect of such payments. | દસ્તાવેજો હેઠળ ધીરાણ આપનારને તમામ ચૂકવણીઓ કરવાનું ચાલુ રાખશે અને આવી તમામ ચૂકવણીઓ જ્યારે ધીરાણ આપનારને કરાય ત્યારે ધીરાણ આપનાર, ધીરાણ લેનારને આવી ચૂકવણીઓના સંદર્ભમાં તેની તમામ જવાબદારીઓમાંથી સંપૂર્ણ રીતે મુક્ત કરશે. |
| **21. WAIVER** | **21. છૂટછાટ** |
| The Parties agree that any delay or omission by the Lender in exercising any of its rights under this Agreement shall not be construed as waiver. The Lender has the sole discretion to waive any fee/ interest/charges in relation to the Loan. | પક્ષકારો એ માટે સંમત થાય છે કે આ કરાર હેઠળ ધીરાણ આપનાર તેના કોઈપણ અધિકારોનો ઉપયોગ કરવામાં કોઈપણ વિલંબ કરે અથવા ભૂલ કરે તો તેનું અર્થઘટન તેણે અધિકારનો પરિત્યાગ કર્યો છે એવું નહિ ગણાય. ધીરાણના સંબંધમાં કોઈપણ ફી/વ્યાજ/શુલ્ક માફ કરવાનો સંપૂર્ણ અધિકાર ધીરાણ આપનાર પાસે છે. |
| **22. AMENDMENT** | **22. સુધારો** |
| Subject to applicable laws, Lender shall have the sole discretion to amend any terms of this Agreement, Schedule I which shall be prospectively binding on the Borrower. | લાગુ કાયદાઓને આધીન, આ કરાર, પરિશિષ્ટ I ની કોઈપણ શરતોમાં સુધારો કરવાનો એકમાત વિવેકાધિકાર ધીરાણ આપનાર પાસે રહેશે, જે ધીરાણ લેનાર માટે જે તે સમયથી બંધનકર્તા રહેશે. |
| **23. GOVERNING LAW** | **23. સંચાલિત કાયદો** |
| This Agreement shall be governed in accordance with Indian laws and the Parties shall be subject to the exclusive jurisdiction of the courts at Bengaluru. The Lender in addition shall have the right to file a criminal complaint/FIR | આ કરારનું સંચાલન ભારતીય કાયદાઓ થશે અને પક્ષકારો બેંગલુરુની અદાલતોના વિશિષ્ટ અધિકારક્ષેત્ર હેઠળ રહેશે. આ ઉપરાંત, આ કરાર સંબંધિત કોઈપણ છેતરપિંડી, ખોટી રજૂઆત અને/અથવા ભંગના કિસ્સામાં, ધીરાણ લેનાર સામે ફોજદારી ફરિયાદ/એફઆઈઆર દાખલ કરવાનો અને/અથવા કાયદા હેઠળ |

| | |
|---|---|
| against the Borrower and/ or resort to other rights available under law, in case of any fraud, misrepresentation and/ or breach of this Agreement. | ઉપલબ્ધ અન્ય અધિકારોનો આશરો લેવાનો અધિકાર ધીરાણ આપનાર ધરાવશે. |
| **24. LOAN AGREEMENT TERM AND RENEWAL** | **24. ઋણ કરારનો અવધિ અને નવિનીકરણ** |
| This Loan Agreement shall remain valid and in full force for a period of six (6) years from the date it is signed by the Borrower (**"Date of Acceptance"**). Upon the expiry of this period, the Borrower shall be required to execute a new loan agreement for the continuation of the loan facility. Failure to execute a new agreement may result in the termination of the loan facility, subject to the terms and conditions set forth herein. | આ ઋણ કરાર એવા દિવસથી કે જયારે ઋણગ્રાહકે તે પર હસ્તાક્ષર કર્યા છે ("**સ્વીકાર તારીખ**"), ત્યારથી છ (6) વર્ષ સુધી માન્ય અને સંપૂર્ણ રૂપે અમલમાં રહેશે. આ અવધિના અંતે, ઋણસુવિધા ચાલુ રાખવા માટે ઋણગ્રાહકે નવો ઋણ કરાર કરવો ફરજિયાત રહેશે. નવો કરાર કરવામાં નિષ્ફળ જવાથી, અહીં આપેલા શરતો અને નિયમો અનુસાર, ઋણસુવિધાના સમાપ્તિમાં પરિણમ આવી શકે છે. |

IN WITNESS WHEREOF the Parties have executed this Agreement on the day and year as mentioned in Schedule I/સાક્ષી તરીકે કે પક્ષકારોએ આ કરાર પરિશિષ્ટ I માં લખેલા દિવસે અને વર્ષે અમલમાં મૂક્યો છે,

SIGNED SEALED AND DELIVERED by the within named Borrower and Lender./ઉપરોક્ત નામ ધરાવતા ધીરાણ આપનારે અને ધીરાણ લેનારે સહી કરી છે અને સિક્કો માર્યો છે તેમજ પહોંચાડ્યો છે.

| **Borrower/ઋણ લેનાર** | **Lender/ધિરાણકર્તા** |
|---|---|
| Loan Agreement Time Stamp/લોન કરાર સમય સ્ટેમ્પ<br>Loan Agreement Customer IP/લોન કરાર ગ્રાહક IP<br><br>Date of Acceptance/સ્વીકૃતિ તારીખ: | Loan Agreement Time Stamp/લોન કરાર સમય સ્ટેમ્પ<br><br>Date of Acceptance/સ્વીકૃતિ તારીખ: |

Digitally Signed by: **FincFriends Private Limited**
ડિજિટલ રીતે સહી કરેલ: **ફિન્કફ્રિએન્ડ્સ પ્રાઇવેટ લિમિટેડ**

Date/તારીખ:

# Schedule I/ શેડ્યૂલ I

| | |
|---|---|
| Loan Agreement Date/ લોન કરાર તારીખ | xxx |
| **Borrower Details/ ઋણ લેનારની વિગતો** | |
| નામ | xxx |
| Address/ સરનામું | xxx |
| Permanent Account Number (PAN)/ કાયમી ખાતા નંબર (PAN) | xxx |
| Email ID/ ઈમેઇલ આઇડી | xxx |
| Phone number/ ફોન નંબર | xxx |
| **Loan Details/ લોન વિગતો** | |
| Loan Account Number (LAN)/ લોન એકાઉન્ટ નંબર (LAN) | xxx |
| Sanctioned Loan Limit (in INR)/ મંજૂર લોન મર્યાદા (INR માં) | xxx |
| Annual Rate of Interest (in %)/ વાર્ષિક વ્યાજ દર (% માં) | xxx |
| Processing Fee[1]* (in % or INR)/ પ્રોસેસિંગ ફી* (% અથવા INR માં) | xxx |
| Cooling off/Look up Period/ કૂલિંગ ઓફ/લુકઅપ સમયગાળો | xxx |

* All charges are exclusive of GST/ બધા ચાર્જ GST સિવાયના છે

| | |
|---|---|
| **CONTINGENT CHARGES/ સામગ્રી ચાર્જ** | |
| Penal Charges (in INR)/પેનલ ચાર્જ (INR માં) | xxx |
| SMS Charges* (in INR)/SMS ચાર્જ* (INR માં) | xxx |
| EMI reschedule Fee* (in INR)/EMI રિશેડ્યુલ ફી* (INR માં) | xxx |
| Optional term fee* (in INR)/ વૈકલ્પિક ટર્મ ફી* (INR માં) | xxx |
| Early Repayment/Foreclosure Charges (in %)/ પ્રારંભિક ચુકવણી/ફોરક્લોઝર ચાર્જ (% માં) | xxx |
| Limit increasing fee* (in INR)/ મર્યાદામાં વધારો ફી* (INR માં) | xxx |

* All charges are inclusive of GST./ બધા ચાર્જ GST સહિત છે.

---

[1] The Processing Fee is charged on each disbursal by the Lender for facilitating the transactions. Therefore, the Processing Fee is nonrefundable irrespective of the fact whether the Borrower decides within the Cooling Off period to not continue the Loan or decides to continue the Loan.

વહેવારો સરળ બનાવવા માટે ધીરાણ આપનાર દરેક વિતરણની પ્રોસેસિંગ ફી વસૂલ કરશે. જો ધીરાણ લેનાર કુલિંગ ઓફ સમયગાળો ઘટાડીને ધીરાણ ચાલુ ન રાખવાનો નિર્ણય લે કે ધીરાણ ચાલુ રાખવાનો નિર્ણય લે તેની પરવા કર્યા વગર પ્રોસેસિંગ ફી પાછી નહિ મળે..

ફિન્કફ્રિએન્ડ્સ પ્રાઇવેટ લિમિટેડ
CIN: U65929KA2017FTC102604

**Sanction Letter/મંજૂરી પત્ર**

To/ આજ,
Mr./Ms./ શ્રી/સુશ્રી
Address/ સરનામું:

Date/ સુધી:

**Sub/ વિષય:** Sanction Letter/ મંજૂરી પત્ર

We refer to your loan application number __________. We are glad to inform you that your loan has been sanctioned and the details thereof are as follows:
અમે તમારા ધીરાણ અરજી નંબર ................નો સંદર્ભ લઈએ છીએ. તમને એ જણાવતા અમને આનંદ થાય છે કે તમારી ધીરાણ મંજૂર થઇ ગઈ છે અને તેની વિગતો નીચે મુજબ છે:

| **Borrower Details/ ઋણ લેનારની વિગતો** | |
|---|---|
| Name of Borrower/ લોન લેનારનું નામ | xx |
| PAN/ પાન | xx |
| Email Id/ ઈમેઇલ આઇડી | xx |
| Phone number/ ફોન નંબર | xx |
| Type of customer/ ગ્રાહકનો પ્રકાર | xx |

| **Loan Details/ લોન વિગતો** | |
|---|---|
| Application Number/ અરજી નંબર | xx |
| Loan Account No./ લોન એકાઉન્ટ નંબર | xx |
| Sanctioned Loan Limit (in INR)/ મંજૂર લોન મર્યાદા (INR માં) | xx |
| Annual Rate of Interest (in %)/ વાર્ષિક વ્યાજ દર (% માં) | xx |
| Processing Fee* (in %)/ પ્રોસેસિંગ ફી* (% માં) | xx |
| Cooling Off/ Look Up Period (in Days)/ કૂલિંગ ઓફ/લુક અપ સમયગાળો (દિવસોમાં) | xx |
| Note/ નોંધ: * All charges are exclusive of GST/ બધા ચાર્જ GST સિવાયના છે | |

Please note that the Sanctioned Loan Limit is a revolving credit line. This sanction is an in-principle conditional sanction subject to successful completion of verification of your KYC details and any other applicable checks as may be deemed necessary by the Company. The detailed terms and conditions are provided in the Loan Agreement. You are requested to read through them carefully before availing the Loan.

કૃપયા એ નોંધમાં લેશો કે મંજૂર કરાયેલી ધીરાણ મર્યાદા એક રિવોલ્વિંગ ક્રેડિટ લાઇન છે. આ મંજૂરી સૈદ્ધાંતિક રીતે શરતી મંજૂરી છે જે તમારી KYC વિગતોની ખરાઈ અને કમ્પનીને જરૂરી લાગતા અન્ય કોઈપણ લાગુ ચકાસણીની સફળતાધીન છે. ધીરાણ કરારમાં વિગતવાર નિયમો અને શરતો આપી છે. તમને વિનંતી છે કે ધીરાણનો લાભ લેતા અગાઉ તે કાળજીપૂર્વક વાંચો.

# Key Fact Statement/મુખ્ય હકીકત નિવેદન

**Date/ તારીખ**: XX/XX/XXXX
**Name of the Regulated Entity:** Fincfriends Private Limited
**નિયમન કરાયેલ એન્ટિટીનું નામ:** ફિન્કફિએન્ડ્સ પ્રાઇવેટ લિમિટેડ
**Applicant Name/ અરજદારનું નામ**: XX/XX/XXXX

## Key Facts Statement/ મુખ્ય તથ્યોનું નિવેદન

| | | | | |
|---|---|---|---|---|
| 1 | **Loan proposal/account No./ લોન દરખાસ્ત/ખાતા નંબર** | xx | **Type of Loan/ લોનનો પ્રકાર** | xx |
| 2 | **Sanctioned Loan amount (in Rupees) / મંજૂર લોનની રકમ (રૂપિયામાં)** | | xx | |
| 3 | **Disbursal schedule**<br>(i) Disbursement in stages or 100% upfront.<br>(ii) If it is stage wise, mention the clause of loan agreement having relevant details<br>**વિતરણ શેડ્યૂલ**<br>(i) તબક્કામાં અથવા 100% અપફ્રન્ટમાં વિતરણ.<br>(ii) જો તે તબક્કાવાર છે, તો સંબંધિત વિગતો ધરાવતા લોન કરારની કલમનો ઉલ્લેખ કરો | | xx | |
| 4 | **Loan term (year/months/days) / લોનની મુદ્દત (વર્ષ/મહિના/દિવસ)** | | xx | |
| 5 | **Instalment details/ હપ્તાની વિગતો** | | | |

| Type of instalments/ હપ્તાઓનો પ્રકાર | Number of EPIs/ EPIs ની સંખ્યા | EPI (₹)/ EPI (₹) | Commencement of repayment, post sanction/ પુનઃચુકવણીની શરૂઆત, મંજૂરી પછી |
|---|---|---|---|
| xx | xx | xx | xx |

| | | |
|---|---|---|
| 6 | **Interest rate (%) and type (fixed or floating or hybrid)/ વ્યાજનો દર (%) અને પ્રકાર (નિશ્ચિત અથવા ફ્લોટિંગ અથવા હાઇબ્રિડ)** | xx |
| 7 | **Additional Information in case of Floating rate of interest / ફ્લોટિંગ વ્યાજ દરના કિસ્સામાં વધારાની માહિતી** | xx |
| 8 | **Fee/ Charges ફી/ શુલ્ક** | |

| | | |
|---|---|---|
| | Payable to the RE (A) / RE (A) ને ચૂકવવાપાત્ર | Payable to a third party through RE (B) / RE (B) દ્વારા તૃતીય પક્ષને ચૂકવવાપાત્ર |

| | | One-time/ Recurring / એક જ-વખત/ રિકરિંગ | Amount (in₹) or Percentage (%) as applicable/ લાગુ પડતી રકમ (₹ માં) અથવા ટકાવારી (%) | One-time/ Recurring / એક જ-વખત/ રિકરિંગ | Amount (in ₹) or Percentage (%) as applicable/ લાગુ પડતી રકમ (₹ માં) અથવા ટકાવારી (%) |
|---|---|---|---|---|---|
| (i) | xx | xx | xx | xx | xx |
| (ii) | xx | xx | xx | xx | xx |
| (iii) | xx | xx | xx | xx | xx |
| **9** | **Annual Percentage Rate (APR) (%)/ વાર્ષિક ટકાવારી દર (એપીઆર) (%)** | xx | | | |
| **10** | **Details of Contingent Charges (in ₹ or %, as applicable) / આકસ્મિક ચાર્જની વિગતો (લાગુ પડતા ₹ અથવા % માં)** | | | | |
| (i) | Penal charges, if any, in case of delayed payment / વિલંબિત ચુકવણીના કિસ્સામાં દંડ ચાર્જ, જો કોઈ હોય તો | xx | | | |
| (ii) | Other penal charges, if any / અન્ય દંડ ચાર્જ, જો કોઈ હોય તો | xx | | | |
| (iii) | Foreclosure charges, if applicable / ગીરો ચાર્જ, જો લાગુ હોય તો | xx | | | |
| (iv) | Charges for switching of loans from floating to fixed rate and vice versa / લોનને ફ્લોટિંગથી ફિક્સ્ડ રેટ અને તેનાથી વિપરીત પર સ્વિચ કરવા માટેના ચાર્જ, | xx | | | |
| (v) | SMS Charges (Optional) / એસએમએસ શુલ્ક (વૈકલ્પિક) | xx | | | |
| (vi) | Term Fee (Optional) / ટર્મ ફી (વૈકલ્પિક) | xx | | | |
| (vii) | EMI reschedule Fee (Optional) / EMI રીશેડ્યૂલ ફી (વૈકલ્પિક) | xx | | | |
| (viii) | Limit Increase Fee (Optional) / મર્યાદા વધારો ફી (વૈકલ્પિક) | xx | | | |

## Repayment Schedule/ પુન:ચુકવણીનું સમયપત્રક

| Installment No. / હપ્તા નંબર | Payment Date/ ચુકવણી તારીખ | Outstanding Principal (in Rs) / બાકી મુદ્દલ (₹ માં) | Principal (in Rs)/ મુદ્દલ (₹ માં) | Interest (in Rs)/ વ્યાજ (₹ માં) | Processing Fee/ પ્રક્રિયા શુલ્ક | Instalment (in Rs) / હપ્તો (₹ માં) |
|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |
| 5 | | | | | | |